OCR
Oxford Cambridge and RSA

# Friday 9 June 2017 – Afternoon

## GCSE GUJARATI

**A813/01** Reading

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
None

**Other materials required:**
None

**Duration:** 1 hour

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Do **not** write in the barcodes.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **50**.
- You do not have to write in full sentences and your answers will not be marked for the accuracy of the language.
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2017 [D/501/5463]
DC (RW/FD) 157299/4 **R**
OCR is an exempt Charity

**Exercise 1: Questions 1 – 5**


**Festivals and Celebrations**

**Read the sentences and look at the pictures.**

**A** પરાગ ઘરે જન્મદિવસ ઊજવે.
**B** રાખી ભાઈને રાખડી બાંધે.
~~**C** રાજેન નાતાલની ભેટો લાવે.~~
**D** વિરલ મેદાનમાં પતંગ ચગાવે.
**E** અવની મંદિરમાં પૂજા કરે.
**F** સપના ફળિયામાં ફટાકડા ફોડે.
**G** રીના લગ્ન માટે ફૂલના હાર બનાવે.


**Write the correct letter in the box.**

**Example:**



C


**1**



**[1]**


© OCR 2017

2




[1]

3



[1]

4



[1]

5



[1]

[Total: 5 marks]

© OCR 2017

**Exercise 2: Questions 6 – 12**

**At home on Sunday**

**Read Aryan's diary.**

- ~~રવિવારે પ્રભાતે અમે બધાં બગીચામાં જઇએ. પપ્પા ઘાસ કાપે.~~
- હું આંગણામાં મેજ, ખુરશી અને છત્રી ગોઠવું.
- મમ્મી અને નાની બહેન છોડને પાણી પાય.
- મયંકને હીંચકા પર ઝૂલવાની મજા આવે.
- મોટાભાઈ પાકાં સફરજનો ટોપલીમાં મૂકે.
- મોટીબહેન ચા નાસ્તો બનાવે. અમે ઘાસ પર ઉજાણી કરીએ.
- દાદાજી બેઠા બેઠા નિરાંતે છાપું વાંચે.
- સાંજે મિત્રો સાથે પગદડો રમીએ.

**Tick the correct box.**

**Example:**


On Sunday Aryan's dad …


A [ ]



B [✓]


C [ ]

**6** On the patio …


A [ ]


B [ ]


C [ ]

**[1]**

**7** Aryan's mum and sister …


A [ ]


B [ ]


C [ ]

**[1]**

© OCR 2017

**8** Mayank enjoys …



**A**



**B**



**C**

**[1]**

**9** Aryan’s brother picks …



**A**




**B**



**C**

**[1]**

**10** They eat …



**A**



**B**



**C**

**[1]**


**11** Aryan’s grandfather relaxes …



**A**



**B**



**C**

**[1]**

**12** Aryan plays …



**A**



**B**



**C**

**[1]**

**[Total: 7 marks]**

© OCR 2017

## Exercise 3: Questions 13 – 18

### Shopping

**Read the statements and look at the pictures.**


| | |
|---|---|
| દિયા: | હું મોટા ખરીદીકેન્દ્રમાં જાઉં. મારે માટે નવી ઢબનાં કપડાં લાવું. |
| અમર: | મને મિષ્ટાન બહુ ભાવે. દાદી મારે માટે જલેબી લાવે. |
| માયા: | મારી નાની બહેનને રમકડાંથી રમવાનું ગમે. હું તેના માટે ઢીંગલીઘર લાવું. |
| પરાગ: | હું દાદાજી માટે ગરમ ટોપી અને મોજાં લાવું. તેમને શિયાળામાં ટાઢ વાય છે. |
| હમીદ: | હું મારા મિત્ર માટે ટકોરાવાળું ઘડિયાળ ખરીદું છું. તેને દિવાલ પર ટાંગવું છે. |
| રાજેશ: | હું દાદી માટે વાંચવાની ચોપડીઓ લાવું. તેઓ નવલકથાઓ વાંચે. |
| ઈશાન: | હું ભારતથી મમ્મી માટે સાડીની ખરીદી કરું છું. તેઓ પટોળા જ પહેરે. |


© OCR 2017



A



B


C


D


E


F


G


H

**Write the correct letter in the box.**

**Example:**

Diya … G

**13** Amar ☐ **[1]**

**14** Maya ☐ **[1]**

**15** Parag ☐ **[1]**

**16** Hameed ☐ **[1]**

**17** Rajesh ☐ **[1]**

**18** Ishan ☐ **[1]**

**[Total marks: 6]**

© OCR 2017

**Exercise 4: Questions 19 – 24**

## Healthy lifestyle

**Read what these people say.**

**A** મીના ગરમીમાં લીલાં શાકભાજી અને કચુંબર ખાય છે. તેમાં પાણી અને વિટામિન સારી માત્રામાં હોય.

**B** નિલ તીખાં ફરસાણ ખાવાનાં ટાળે. એવું બધું શિયાળામાં ખાવાની મજા આવે.

**C** રીટા માને છે કે ગરમીમાં પાણી વધારે પીવું જોઈએ. તે વિપુલ પ્રમાણમાં ગળ્યા પીણાં લેવાનું ટાળે.

**D** અનિને સુતરાઉ કપડાં જ પહેરવાં ગમે. નાયલોન કે રેશમ પરસેવાથી શરીર સાથે ચોંટે.

**E** જયનથી ગરમી સહન ના થાય એટલે સમુદ્ર કિનારે જાય. ત્યાં તેને પવનથી પુષ્કળ ઠંડક મળે.

**F** છાયા દરરોજ હલકી કસરત કરે તેથી શરીર સ્વસ્થ અને તંદુરસ્ત રહે.

**G** ~~સપના સૂતાં પહેલાં હૂંફાળા પાણીથી નહાય તેથી નિંદર સારી આવે.~~

**H** સમીર દિવસે ઓરડાની બારીઓ ખુલ્લી રાખે. તેને પંખાની હવા પસંદ નથી.

© OCR 2017

**Write the correct letter in the boxes.**

| | |
|---|---|
| **Example:** | |
| Who … sleeps well | **G** |

Who …

| | | | |
|---|---|---|---|
| **19** | … avoids sugary drinks? | | **[1]** |
| **20** | … eats plenty of vegetables? | | **[1]** |
| **21** | … thinks carefully about what to wear? | | **[1]** |
| **22** | … eats different foods in the winter? | | **[1]** |
| **23** | … likes to be active? | | **[1]** |
| **24** | … prefers to keep cool at home? | | **[1]** |

**[Total marks: 6]**

© OCR 2017

**Exercise 5: Questions 25 – 31**

**School Prefect**

**Read Shaan's email to Neil.**

પ્રિય મિત્ર નીલ,

હું ખુશ છું કે આ વર્ષે હું મારી શાળાનો "હેડ બોય" બન્યો છું.  મને ચિંતા થાય છે કે આ મોટી જવાબદારીવાળું કામ છે. મારે સમયનો ઘણો ભોગ આપવો પડશે

મારું મુખ્ય કામ શાળાના બધા કાર્યક્રમોમાં હાજરી આપવાનું છે એટલે દરરોજ સાંજે મોડે સુધી મારે શાળામાં રહેવું પડશે. શાળા પછી યુવક મંડળમાં હાજરી નહીં અપાય તેનું મને દુખ થશે. સવારની સભામાં મારે ખુરશીઓ ગોઠવવાની છે એટલે વહેલાં નિશાળે જવું પડશે. મારે શાળામાં ધ્યાન રાખવાનું છે કે વિદ્યાર્થીઓ સિદ્ધાંતોનું પાલન કરે. મધ્યાનના રમતગમત માટે સમયસર નહીં જવાય એટલે મારાથી હોકીના કપ્તાનની જવાબદારી નહીં લેવાય. શનિવારે રજા હોવાથી ગુજરાતી ભણવાનું ચાલુ રહેશે.

આ અનુભવ મને ભવિષ્યમાં ઘણો કામ આવશે. મારે પરીક્ષામાં ઉચ્ચ કક્ષામાં પાસ થવું છે. વિજ્ઞાનના આગળ અભ્યાસ માટે સારી વિશ્વવિદ્યાલયમાં જગા મેળવવી છે એટલે હું દરરોજ રાત્રે મોડે સુધી વાંચન કરીશ.

તારી કૂદડીની હરીફાઈ વિશે જણાવજે.

લિ. શાન.

© OCR 2017

**Read the questions and write short answers IN ENGLISH.**

**Example:**

How does Shaan feel about being a head boy?

...........happy............................ .

**25** What is Shaan worried about?

...................................................................................... . **[1]**

**26** What does he say about the Youth Club?

...................................................................................... . **[1]**

**27** What is his main duty as a head boy?

...................................................................................... . **[1]**

**28** Why will he have to get to school early?

...................................................................................... . **[1]**

**29** What will he do on Saturdays?

...................................................................................... . **[1]**

**30** How will Shaan keep on top of his school work?

...................................................................................... . **[1]**

**31** Why does Shaan mention science?

...................................................................................... . **[1]**

**[Total: 7 Marks]**

© OCR 2017

**Exercise 6: Questions 32 – 37**

**Life in the city and village**

**Read about the lives of two people.**

કિશન.   હું ગુજરાતના નાના ગામડાનો રહેવાસી છું. મને ધાંધલિયું જીવન પસંદ નથી. મને પ્રકૃતિ સાથે કામ કરવું બહુ ગમે. દાદાજી સાથે આખો દિવસ ખેતરમાં કામ કરું પછી બપોરે જમીને એક કલાક આરામ કરું. હું મિત્રો સાથે ક્યારેક સાંજે પગપાળા ફરવા જાઉં. જ્યારે તહેવારોની ઉજવણી કરીએ ત્યારે આખા ગામના લોકો એક કુટુંબની જેમ સાથે બેસીને જમે અને મજા કરે. અહીં લોકો એકબીજાને મદદ કરવામાં અનેરો આનંદ અનુભવે છે. અહીંનું જીવન સાદું અને ઓછા ખર્ચવાળું હોવાથી પૈસાની સારી બચત થાય.

હેમા.   મારા પરિવાર સાથે હું ધમાલિયા અને શોરબકોર વાળા શહેરમાં રહું છું. સવારે ચાલીને કોલેજ જાઉં. મોંઘવારી બહુ હોવાથી ખિસ્સાખર્ચ માટે હું દરરોજ સાંજે બે કલાક કપડાંની દુકાનમાં કામ કરું છું. રાત્રે બસમાં ઘરે આવું ત્યારે થાકીને લોથપોથ થઇ જાઉં. બધી જગ્યાએ લોકોની અવરજવર અને વાહનોની ભીડ હોય. અહીં કામ કરવાની અને પૈસા કમાવાની સારી તકો છે પણ તેને માટે તીવ્ર હરીફાઈ છે એટલે ઘણી મહેનત કરવી પડે. મારા ઘણાં સગાસબંધીઓ છે પણ પૂરતો સમય ન હોવાથી તહેવારો ઉજવવા માટે તેમના ઘરે જઇ શકાતું નથી. મિત્રોને પણ ઓછું મળી શકાય છે.

**Tick the correct box.**

**Example:**

Kishan likes …

| | | |
|---|---|---|
| **A** | … machines | ☐ |
| **B** | … nature | ✓ |
| **C** | … people | ☐ |

**Kishan**

**32** In the afternoon Kishan has time to …

| | | |
|---|---|---|
| **A** | … play sport | ☐ |
| **B** | … have a rest | ☐ |
| **C** | … watch TV | ☐ |

**[1]**

© OCR 2017

**33** He works all day …

**A** … at college ☐

**B** … in a shop ☐

**C** … on a farm ☐ **[1]**

**34** In the evenings Kishan …

**A** … goes fishing ☐

**B** … goes out with friends ☐

**C** … does his homework ☐ **[1]**

**Hema**

**35** Hema earns money for her …

**A** … bus fares ☐

**B** … college fees ☐

**C** … pocket money ☐ **[1]**

**36** She needs to work hard because …

**A** … there are lots of customers ☐

**B** … people compete for jobs ☐

**C** … the hours are long ☐ **[1]**

**37** Lack of time means Hema **cannot** …

**A** … celebrate festivals ☐

**B** … travel abroad ☐

**C** … go to the gym ☐ **[1]**

**[Total Marks: 6]**

© OCR 2017

**Exercise 7: Questions 38 – 44**

### Technology at work

**Read Amar's article for his community magazine**

હું સોળ વર્ષનો હતો ત્યારે મારા માતાપિતાએ મને અઢાર મહિનાની મુદત વાળો "મોબાઇલ ફોન" આપ્યો હતો. ત્યારે હું ગુજરાતનાં એક નાના ગામડામાં કામનાં અનુભવ માટે ગયો હતો. નાનાં બાળકોની શાળાના વર્ગમાં મારે મદદ કરવાની હતી. મને આ કામ ધર્માદા સંસ્થા મારફત મળ્યું હતું. આ કામ માટે મને ભારત જવા મળ્યું એથી મને ખુબ આનંદ થયો. મારા માતાપિતાને મારી ચિંતા હતી કે ગામડામાં રહેવાની સગવડ સારી નહીં હોય અને કદાચ મારી તબિયત બગડી જશે.

ગુજરાતના ગામડામાં મને "મોબાઇલ ફોન" ઘણો જ કામ આવ્યો. હું દરરોજ મારા માતાપિતાને ફોન કરતો. આ નાનકડા યંત્રને મારા ખીસ્સામાં રાખી કામે સાથે લઈ જતો અને રસ્તામાંથી મિત્રોને "ઈ-મેઇલથી" સંદેશા મોકલાવતો. તેઓની સાથે અલકમલકની વાતો કરતો. મને એકલવાયું લાગે કે ઉદાસ હોઉં ત્યારે ફોન પર રમત રમતો અથવા સંગીત સાંભળીને મનને બહેલાવતો. ગામડાના લોકોના રોજિંદા જીવનની ઘણી છબીઓ મેં "ફોનમાં" પાડી હતી જે હજી પણ યાદી રૂપે મેં રાખી છે. નાનાં બાળકોને "ફોનમાં" ચિત્ર બતાવીને વાર્તા કહેતો ત્યારે તેઓનો ઉત્સાહ જોઈને મને અતિશય આનંદ થતો.

ઘણા લોકો એમ માનતા હોય છે કે "મોબાઇલ ફોન" વાપરવો સારો નથી પણ કટોકટીના સમયમાં એ ઘણો જ ઉપયોગી થાય છે. અમુક લોકોનું માનવું છે કે "મોબાઇલ ફોન" માટેનાં "બેઇઝ સ્ટેશનો" માંથી અવાજનાં મોજાંઓ હવામાં ફેલાતાં હોવાથી બગડતા પર્યાવરણની અસર આપણી તંદુરસ્તી ઉપર થાય છે. પરંતુ મને નથી લાગતું કે આ હજી સુધી સાબિત થયું છે.

**Read the questions and write short answers IN ENGLISH.**

| |
|---|
| **Example:**<br>How old was Amar when he got a mobile phone?<br>16 years old. |

**38** Why did Amar's parents buy him a mobile phone?

........................................................................................................................................ **[1]**

**39** What did the work involve?

........................................................................................................................................ **[1]**

© OCR 2017

**40** How did Amar get the job?

........................................................................................................................................ **[1]**

**41** Why were his parents worried? Give **one** reason.

........................................................................................................................................ **[1]**

**42** Why did Amar sometimes play games on his phone?

........................................................................................................................................ **[1]**

**43** How **exactly** did Amar use his mobile phone to entertain the children?

........................................................................................................................................ **[1]**

**44** What does Amar doubt? Give **one** detail.

........................................................................................................................................ **[1]**

**[Total: 7 Marks]**

© OCR 2017

**Exercise 8: Questions 45 – 50**

### Food and drink

**Read Neema's blog-post about coconut water**

નાળિયેર પાણી

કેન્યામાં બા સૂકાં નાળિયેર લાવીને ફોડતાં. તેમાંથી થોડુંક જ પાણી નીકળતું. અંદરના સફેદ ભાગનો બારીક ભૂકો કરી અને મારી મનપસંદ વાનગી, સ્વાદિષ્ટ કોપરાપાક બનાવતાં.

રજાઓમાં પહેલીવાર ભારત ગઈ ત્યારે માસી મને નાળિયેર પાણી પીવા લઈ ગયાં. મોટાં મોટાં નાળિયેરોનો ઢગલો જોઈને હું અચંબામાં પડી ગઈ. અહીં લોકો એને "તરોપા" કહે. એક મોટા વજનદાર તરોપાને નાળિયેરવાળાએ સરસ રીતે છોલીને ઉપર નાનો છેદ પાડી એની અંદર "સ્ટ્રો" મૂકીને મને આપ્યો. બે પ્યાલાથી પણ વધારે આ મીઠાં પાણીથી મારી તરસ છિપાઈ. અંદરની સફેદ સુંવાળી મલાઈ મોઢામાં મૂકતાંજ ઓગળી ગઈ.

પાસે પડેલા નાળિયેરના કચરાના ઢગલાને જોતાં મેં તેનાં વિશે માસીને પૂછ્યું. માસીએ મને સમજણ પાડી કે તે સૂકાઈ જાય પછી તેનાં પગલૂછણીયાં બને અને બાકીનાં ઈંધણમાં વપરાય. લોકો અંદરનાં કોપરામાંથી વિવિધ જાતની વાનગીઓ અને ચટણીઓ બનાવે. એમાં પાણી નાંખીને પીસવાથી નાળિયેરનું દૂધ બને. એમાંથી બનતું તેલ વાળ માટે ઉત્તમ ખોરાક છે. સૂકાં નાળિયેરો ધાર્મિક અને માંગલિક પ્રસંગોમાં વપરાય છે.

આજે આંતરરાષ્ટ્રીય સ્તરે નાળિયેર પાણીની મહત્તા વધી રહી છે. હવે અહીંની દુકાનો અને "સુપરમાર્કેટોમાં" આનાં વેચાણમાં તેજી આવી છે. જોકે આ પાણી અહીં સસ્તું નથી મળતું. લોકોમાં તંદુરસ્તીની જાગૃતિ આવી હોવાથી હવે બનાવટી ભેળસેળવાળા પીણાં કરતાં આ કુદરતી પીણું વધારે પીવાય છે. ઘણા લોકો માને છે કે બીમાર હોઈએ અને ખાવાની રૂચી ન થાય ત્યારે નાળિયેર પાણી શક્તિ આપે છે. આમ ઉત્તમ ગુણો ધરાવતાં ગરમીનાં આ અમૃત પીણાંની ગુજરાતમાં કદીયે અછત નથી હોતી.

**Read the questions and write short answers IN GUJARATI.**

**Example:**

નીમાના કહેવા પ્રમાણે કેન્યામાં કેવા નાળિયેરો મળતાં?

સૂકાં થોડાં પાણીવાળા

**45** નીમાને નાળિયેરની કઈ વાનગી ભાવે?

.................................................................................................................................... **[1]**

**46** નીમાને ભારતમાં નાળિયેર જોઈને શા માટે નવાઇ લાગી?

.................................................................................................................................... **[1]**

© OCR 2017

**47** સૂકાં વપરાયેલાં નાળિયેરો શાના ઉપયોગમાં લેવાય છે? **એક** વિગત જણાવો.

........................................................................................................................................ **[1]**

**48** લોકો આને તંદુરસ્તીનું પીણું શા માટે ગણે છે?

........................................................................................................................................ **[1]**

**49** નાળિયેર પાણી વિશે કેટલાક લોકોની શું માન્યતા છે?

........................................................................................................................................ **[1]**

**50** નાળિયેર પાણી ક્યારે મળી શકે છે?

........................................................................................................................................ **[1]**

**[Total: 6 Marks]**

**END OF QUESTION PAPER**

© OCR 2017

BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2017

**BLANK PAGE**

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

© OCR 2017

